SINCE 1919

Sarva VidyalayaKelavani Mandal managed

UMA ARTS AND NATHIBA COMMERCE MAHILA COLLEGE

SarvaVidyalaya Campus, Sector - 23, Gandhinagar – 382023

(Estd. in 1991, Affiliated with Gujarat University-College Code 191 – AISHE Code C-5881)

NAAC (Cycle-3) ‘A’ Grade - 3.32 CGPA --College with Potential for Excellence Phase-II

E-Mail:artscollegeuma@gmail.com || Website: uancmahilacollege.org | Mobile: 77789 20502

Youtube: UANC Mahila College, Gandhinagar || Twitter: @UmaandNathiba

# SAMVAAD સંવાદ

## Activity Report

## 2022-2023

**Programme 1:**

27 July, 2022

સર્જનાત્મક અભિવ્યક્તિ

‘સંવાદ’ પ્રવૃત્તિ વિદ્યાર્થીનીઓને સાહિત્યિક વાંચન-લેખન, શ્રેષ્ઠ પુસ્તકોનો પરિચય અને વાંચન, ઉત્તમ ફિલ્મો અને ઈતિહાસની ચળવળોની માહિતી, વિશ્વભરની વિધવિધ ઘટનાઓની માહિતી તેમજ વિદ્યાર્થીઓએ જાતે લખેલ સર્જનાત્મક સાહિત્યનું પઠન જેવી પ્રવૃત્તિઓનું સમગ્ર વર્ષ દરમ્યાન આયોજન કરે છે. વિદ્યાર્થીઓને અભ્યાસ ઉપરાંત બહોળા વિશ્વમાં ચાલતી સર્જનાત્મક ગતિવિધિઓની જાણકારી આપવાનો પ્રયાસ કરે છે કે જેનાથી આ વિશ્વ કેટલું વિશાળ છે તેમજ કેટકેટલા લોકો કેવાકેવા પ્રકારની ઉપયોગી પ્રવૃત્તિઓ કરે છે તેની જાણકારી આપે છે.

સર્જનાત્મક અભિવ્યક્તિના કાર્યક્રમનું ‘સંવાદ’ દ્વારા આયોજન કરવામાં આવ્યું. જેમાં ૨૭ વિદ્યાર્થીઓએ પોતાના દ્વારા સર્જેલ કવિતા, ગઝલ અને અન્ય સાહિત્ય સ્વરૂપોનું પઠન કર્યું. વિદ્યાર્થીઓએ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાઓમાં પોતા જ દ્વારા સર્જેલ કૃતિઓનું રસપ્રદ શૈલીમાં પઠન કર્યું. કોલેજની ‘સંવાદ’ પ્રવૃત્તિ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ખુબ જ બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજરી પણ આપી અને રજૂ થયેલ રચનાઓને ખુબ જ ઉત્સાહથી બિરદાવી.

કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના આચાર્ય ડૉ. હરિતભાઈ પટેલે સર્જનાત્મક અભિગમ કેળવવા તેમ જ આવા પ્રકારના અભ્યાસ કરવાના ફાયદા જણાવી પ્રોત્સાહન પૂરું પડયું. ‘સંવાદ’ સમિતિના કો-ઓર્ડીનેટર ડૉ. પ્રણવ જોષીપુરાએ કાર્યક્રમની શરૂઆત પોતાની કવિતાના પઠનથી કરી તેમજ સમગ્ર વર્ષ દરમ્યાન તેમજ ગત વર્ષની ‘સંવાદ’ની પ્રવૃત્તિઓ વિશે જાણકારી આપી. આ કાર્યક્રમાં ‘સંવાદ’ સમિતિના સભ્યો પ્રા. તેજસ શાહ, ડૉ. મનુભાઈ પરમાર અને પ્રા. પાયલબેન પંડ્યા, તેમ જ ડૉ. હિનાબેન મહેતા, ડૉ. રાકેશ પ્રજાપતિ અને ડૉ. વિશાલ પંચોલીએ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું.




**Programme 2:**
16 to 18 December, 2022
સર્જનાત્મકતા અભિવ્યક્તિ શિબિર

યુવા વિકાસ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા તા. ૧૬ થી ૧૮ ડીસેમ્બર, ૨૦૨૨ દરમ્યાન ગ્રામભારતી સંસ્થા, અમરાપુર દ્વારા સર્જનાત્મકતા અભિવ્યક્તિ શિબિર યોજાઈ ગયો. ગુજરાતની વિવિધ કોલેજના ઘણા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. આપણી કોલેજની 'સંવાદ' પ્રવૃત્તિ સાથે જોડાયેલ ચાર વિદ્યાર્થીનીઓ: કુ. ઉર્વશી ઠાકર, કુ. દિશા રબારી, કુ. રૂપલ દેસાઈ, અને કુ. ગૌરીબા ચાવડાએ ભાગ લીધેલ. અને ઘણી બધી પ્રવૃતિઓમાં ભાગ લઈને કોલેજનું ગૌરવ વધારેલ છે.

| | | |
|---|---|---|
| THAKOR URVASHI | 749 | ENGLISH |
| DESAI RUPAL | 842 | ENGLISH |
| RABARI DISHA | 737 | HISTORY |
| CHAVDA GAURIBA | 797 | PSYCHOLOGY |










**Programme 3:**
20 March 2023
સર્જનાત્મક અભિવ્યક્તિ

ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરમાં આચાર્યશ્રી ડૉ. હરિતભાઈ પટેલની પ્રેરણાથી તા. ૨૦.૩.૨૦૨૩ના રોજ કૉલેજમાં **G-20** અન્તર્ગત સંવાદ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થિનીઓમાં સાહિત્યિક સર્જનાત્મકતા વિકસે તે માટે **'સર્જનાત્મક અભિવ્યક્તિ'** વિષય પર કાર્યક્રમ યોજાઈ ગયો. કાર્યક્રમની શરૂઆતમાં પ્રિન્સિપાલ ડૉ. હરિતભાઈ પટેલે વ્યક્તિત્વ વિકાસમાં અભિવ્યક્તિનું મહત્ત્વ જણાવીને કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. સંવાદના કોઓર્ડીનેટર ડૉ. પ્રણવ જોષીપુરાએ 'સંવાદ' પ્રવૃત્તિની વિદ્યાર્થીના જીવનમાં અગત્યતા દર્શાવ્યા બાદ સ્વરચિત બે કવિતાઓનું પઠન કર્યું અને પ્રા. બાબુભાઈ ચૌધરીએ વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરી હતી. ત્યાર બાદ કૉલેજની ૨૭ જેટલી વિદ્યાર્થિનીઓએ સ્વરચિત કવિતાઓ, વાર્તાઓ, નિબંધો અને સ્વાનુભાવોની પ્રસ્તુતિ કરી હતી. કાર્યક્રમને અન્તે આભારવિધિ પ્રા. તેજસભાઈ શાહે કરી હતી. વિદ્યાર્થિનીઓ માટે કાર્યક્રમ પ્રોત્સાહનવર્ધક રહ્યો હતો.





















**Programme 4:**
27 March, 2023
વિશ્વ રંગભૂમિ દિન નિમિત્તે નાટ્ય વાચિકમ્

ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરમાં આચાર્યશ્રી ડૉ. હરિતભાઈ પટેલની પ્રેરણાથી તા.૨૭.૩.૨૦૨૩ના રોજ વિશ્વ રંગભૂમિ દિન નિમિત્તે કૉલેજમાં G-20 અન્તર્ગત સંવાદદ્વારા 'નાટ્ય વાચિકમ્' કાર્યક્રમ યોજાઈ ગયો. કાર્યક્રમની શરૂઆતમાં પ્રા. પાયલબેન પંડ્યાએ નાટ્યકૃતિની અસર સમાજ પર કેવી પડે છે એ જણાવીને કાર્યક્રમની શરૂઆત કરાવી. ડૉ. પ્રણવ જોષીપુરાના સ્વરચિત 'હું..... રોશની પંડ્યા' એકાંકી સંગ્રહમાંથી 'એની માને' નાટ્યકૃતિનું વાંચન રસપ્રદ શૈલીમાં કર્યું હતું. ત્યાર બાદ વિદ્યાર્થિનીઓએ કૃતિરચના અંગેના પ્રશ્નોના જવાબ ડૉ. પ્રણવ જોષીપુરા દ્વારા સન્તોષકારક રીતે આપવામાં આવ્યા હતા. કાર્યક્રમને અન્તે આભારવિધિ પ્રા. બાબુભાઈ ચૌધરીએ કરી હતી. વિદ્યાર્થિનીઓ માટે આ કાર્યક્રમ પ્રેરણારૂપ રહ્યો હતો.


GPS Map Camera
Gandhinagar, Gujarat, India
Uma Arts College,Sector 23, Gandhinagar, Gujarat 382024, India
Lat 23.238915°
Long 72.653365°
27/03/23 10:24 AM GMT +05:30


GPS Map Camera
Gandhinagar, Gujarat, India
Uma Arts College,Sector 23, Gandhinagar, Gujarat 382024, India
Lat 23.238915°
Long 72.653365°
27/03/23 09:53 AM GMT +05:30


વિશ્વ રંગભૂમિ દિન ઉજવણી
Uma Arts & Uma Nathiba Commerce
Mahila College, Gandhinagar
સંવાદ
પ્રસ્તુતિ
વિશ્વ રંગભૂમિ દિન ઉજવણી
નાટય વાચીકમ: ડૉ. પ્રણવ જોષીપુરા
૨૭ માર્ચ ૨૦૨૩
સ્થળ: રૂમ નંબર ૪